સ્પે.દી.મુ.નં. ૦૧/ ૨૦૨૩ ના કામે આંક –૧ લગત હુકમ

આજરોજ વાદી અને તેના વિ.વ.શ્રી નો કોર્ટ સમય પુરો થતા સુધી વારંવાર પોકાર કરવા છતા વાદી કે તેના વિ.વ.શ્રી હાજર રહી કોઈ રજુઆત રજુ કરેલ નથી.

વાદીએ હાલનો દાવો લાવી આ કામના પ્રતીવાદી સામે કરારના વિશીષ્ટ પાલન દાવો કરેલ છે. રોજકામ વંચાણે લેતા ફલીત થાય છે કે આ કામે કેસનુ કામ છેલ્લા લાંબા સમયથી આંક–૫ ની સુનાવણી પર ચાલે છે. આ કામે વાદી છેલ્લા લાંબા સમયથી આ કામે હાજર રહેલ નથી. વધુમા, રોજકામ તથા રેકર્ડ ધ્યાને લેતા એ પણ માલુમ થાય છે કે વાદીને દાવાની કાર્યવાહી આગળ ચલાવવા માટે પુરતી અને વાજબી તકો આપવામા આવેલ છે. તેમ છતાં વાદી પક્ષે દાવાની કાર્યવાહી આગળ ચલાવેલ નથી કે દાવાની કાર્યવાહી બાબતે વાદી પક્ષે કોઈ રજુઆત કરવામા આવેલ નથી. આમ આ દાવાના કામે વાદીને દાવાની કાર્યવાહી આગળ ચલાવવા માટે પુરતી અને વાજબી તક આપવામા આવેલ છે તેમછતા વાદીએ દાવાની કાર્યવાહી આગળ ચલાવવા માટે હાજર રહી કોઈ કાર્યવાહી કરેલ નથી જેથી આ દાવાનું કામ આગળ ચલાવવામાં વાદીને કોઈ રસ ન હોય તેમ જણાંય છે. જેથી વાદીનો દાવો વાદીની ગેરહાજરીના કસૂર સબબ ડિસમીસ ફોર ડિફોલ્ટ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ રોજ તારીખ ૨૪ મી, માહે માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા. ૨૪–૦૩–૨૦૨૬
બાયડ

( વિજય ચંદુલાલ મકવાણા)
પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ,
બાયડ
કોડ નં. જી.જે. ००૯૯૭